કારણ વગર રડીયે તો હાસ્યાસ્પદ કહેવાય, કારણ હોય અને ના રડીએ તો ચર્ચાસ્પદ કહેવાય
- *ચિત્રલેખા*

**આપણું પોતાનું અખબાર**

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૦ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૪, શુક્રવાર; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### ચૂંટણીમાં ૧.૨ લાખ સુરક્ષા જવાનો તૈનાત કરાશે

લોકસભાની ચૂંટણી માટેની



તૈયારીઓ ચૂંટણી પંચ દ્વારા કરી લેવામાં આવી છે. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન માટે પૂરતી સંખ્યામાં સુરક્ષાદળો તૈનાત કરવામાં આવશે. એક અહેવાલ મુજબ ૧.૨ લાખ જેલા સુરક્ષા જવાનો ચુંટણી માટે તૈનાત કરવામાં આવશે. ચુંટણીની જાહેરાત ૬ થી ૧૦ માર્ચની વચ્ચે થઈ જશે.

# ગાંધીનગરના ૯૪ પ્લોટોની હરાજીની પ્રક્રિયા આજથી શરૂ

**૨૧ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન હરાજી બોલનારે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે**
**૨૮ ફેબ્રુઆરી, ૧, ૩ અને ૪ માર્ચના રોજ ઈ-ટેન્ડરીંગથી હરાજી યોજવામાં આવશે**

ગાંધીનગર, તા.૨૦

એક દસકાના સમયગાળા બાદ ગાંધીનગર શહેરના પ્લોટોની હરાજીની પ્રક્રિયાનો આજથી આરંભ થઈ રહ્યો છે. પહેલીવાર ગાંધીનગરના પ્લોટોની હરાજી ઈ-ટેન્ડરીંગથી કરવાની હોવાથી તંત્રએ પણ તેની તૈયારીઓમાં સારો એવો સમય લીધો છે.

ગાંધીનગર શહેરમાં દસકા કરતાં પણ વધુ સમય બાદ યોજાઈ રહેલી પ્લોટોની હરાજી માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિ અપનાવવાનો નિર્ણય લેવાયો હોવાથી આ પ્રક્રિયામાં ભાગ લેવા માટે હવે અરજદારોએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને હરાજીમાં ભાગ લેવા માટે ડીજીટલ સિગ્નેચર મેળવવાની રહેશે.

પ્લોટોની હરાજીમાં ભાગ લેવા માટે ૨૧ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન ઈચ્છુકે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જયારે હરાજી ચાર દિવસ માટે યોજાશે. જે માટે ૨૮

● અનુસંધાન પાન-૭ પર

# આજે વિધાનસભામાં અવિશ્વાસનો પ્રસ્તાવ

**વિપક્ષ દ્વારા સરકાર સામે ૮ વર્ષ બાદ અવિશ્વાસ પ્રસ્તાવ લવાયો : ગૃહમાં અત્યાર સુધીમાં ૨૮ વખત અવિશ્વાસ પ્રસ્તાવ રજુ થયો છે : મોદી સામે ત્રીજી વાર આવો પ્રસ્તાવ : સૌથી વધુ વખત સ્વ. અમરસિંહ ચૌધરીએ રજુ કર્યા છે**

ગાંધીનગર, તા.૨૦

રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના મંત્રીમંડળ સામે ૮ વર્ષ બાદ વિપક્ષ કોંગ્રેસ દ્વારા આજે અવિશ્વાસ પ્રસ્તાવ રજુ થશે.

વિધાનસભા ગૃહના નિયમ ૧૦૬ મુજબ આ અવિશ્વાસના પ્રસ્તાવનો વિધાનસભા સચિવાલયે સ્વીકાર કર્યા બાદ આજે તે ગૃહની પરવાનગી માટે રજુ થશે.

છેલ્લે મુખ્યમંત્રીશ્રી મોદી સામે ૧૮-૯-૨૦૦૬ના રોજ વિપક્ષના તત્કાલીન નેતા અર્જુનભાઈ

● અનુસંધાન પાન-૭ પર


**Required Call Center**
Executives for International Call Center night Shift, Fluent in English speaking at Sector-11, Gandhinagar
Mo. 9016694076






ગુજરાત ઉત્સવ હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ
પ્રદર્શની તારીખ ૧૮/૨/૨૦૧૪ થી ૨/૩/૨૦૧૪ સુધી સમય : સવારે ૧૧ થી રાત્રીના ૧૦
સ્થળ : ઘ-૫, સેક્ટર-૧૬, ઓપન થિયેટરની બાજુમાં, ગાંધીનગર

જોઈએ છે - સીક્યુરીટી ગાર્ડ તથા સુપરવાઈઝર - મો. ૯૯૭૪૫ ૯૮૫૩૪



ગુજરાત સરકારમાં નોકરી મેળવો..!
GPSC Dy. SP / DC / મામલતદાર / TDO / SO 365 જગ્યાઓ
26.1.1994 થી 2014 સુધીનું સ્પર્ધાત્મક પરીક્ષાઓનું સરેરાશ પરીણામ 94.37%
PSI-500 જગ્યાઓ
05 માર્ચ 2014
ફી માત્ર ₹ 28,000/-
GPSC ફી માત્ર ₹ 28,000/-
ASI-250 જગ્યાઓ
CONSTABLE-1000 જગ્યાઓ
હાઈકોર્ટ કલાર્ક 2012 જગ્યાઓ
"માસ્ટર કોર્ષ-2014"
₹ 16,000/-(F)
₹ 18,000/-(M)
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર-9537614606
મહેસાણા - 9537614607




શ્રીમતી સોનિયા ગાંધી
અધ્યક્ષ, યુપીએ



ડૉ. મનમોહન સિંહ
વડાપ્રધાન

**81 કરોડ ભારતીયોને ખાદ્ય સુરક્ષા કાયદા અંતર્ગત મળ્યો અન્નનો અધિકાર**

**4.98 કરોડ પરિવારોને મળ્યો મનરેગા દ્વારા રોજગાર**

**6 થી 14 વર્ષના 19.97 કરોડ બાળકોને મળ્યું ફરજીયાત અને મફત શિક્ષણ**

**માહિતીના અધિકારે આપ્યો પ્રત્યેક નાગરિકને સરકારને જવાબદાર બનાવવાનો અધિકાર**

ભારત નિર્માણનો પુરાવો

*જન જનને સ્પર્શે, જન જીવનને બદલે*